અપીલ અરજી નં.૬૯ તા.૨૭–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મોહંમદ યાકુબ શેખ જાફર
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહંમદ યાકુબ શેખ જાફર ની તા.૧૬–૪–૧૦ની અરજીથી વોર્ડ નં.૧ બડેખા ચકલામાં આવેલ કાઝીના મેદાનમાં ગણેશ સોસા.ના (ફૈઝેદાના) રૂમ નં.૧૨ ના ગેરકાયદેસર બાંધકામ સબંધે ભરવામાં આવેલા પગલા અને બાંધકામ તોડી પાડવા અંગેની કામગીરી બાબતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૭–૫–૧૦ ની **SMC/FAP/** નં.૬૯/૨૦૧૦–૧૧

શ્રી મોહંમદ યાકુબ શેખ જાફર ની તા.૧૬–૪–૧૦ની અરજીથી વોર્ડ નં.૧ બડેખા ચકલામાં આવેલ કાઝીના મેદાનમાં ગણેશ સોસા.ના (ફૈઝેદાના) રૂમ નં.૧૨ ના ગેરકાયદેસર બાંધકામ સબંધે ભરવામાં આવેલા પગલા અને બાંધકામ તોડી પાડવા અંગેની કામગીરી બાબતની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૫૪ તા.૧૭–૫–૧૦ થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૩ તા.૩૧–૫–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ તથા મળેલ પ્રત્યુત્તરની નકલો બીડેલ છે.

અરજદારની તા.૧૬–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૫૪ તા.૧૭–૫–૧૦ થી " વોર્ડ નં.૧ ગણેશ સોસા. રૂમ નં.૧૨ ના ગેરકાયદેસર બાંધકામ અંગેનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. " તેવું જણાવેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે સદર ગેરકાયદેસર બાંધકામ બાબતે ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાનું જણાવી તા.૨૭–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે અરજી સાથે તા.૩–૨–૧૦ તથા તા.૯–૪–૧૦ ના રોજ બાબત હેઠળના બાંધકામ અંગે ફરીયાદ સેન્ટ્રલઝોનના નાગરીક સુવિધાકેન્દ્ર ખાતે આપ્યાની નકલો અત્રે રજૂ કરેલ છે તથા મુળ માહિતી માંગતી અરજીમાં ગેરકાયદેસર બાંધકામ અંગે પગલાં તથા થયેલ કામગીરીની માહિતી માંગેલ છે. અરજદારની અપીલ અરજીમાં કોઈ માહિતી માંગતી વિગત જણાતી નથી. પરંતુ અરજદારની રજૂઆત ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા કાર્યવાહીને લગતી રજૂઆત કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદારને તેમની ફરીયાદ અરજીઓ અંગે કરેલી કાર્યવાહીને લગતી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે છે. અરજદારે કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૬–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહી પૂરી પડાયેલી તેમની અરજીઓ સબંધી ગેરકાયદેસર બાંધકામ અંગે કરેલ કાર્યવાહી અંગેની હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. વધુમાં અરજદાર તકરાર નિવારણને લગતી માહિતી અંગે સક્ષમ સત્તા સમક્ષ અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહંમદ યાકુબ શેખ જાફર